**7. Finding of the Case :**

આ કામના આરોપી સામે ધી પ્રોહી.એકટ કલમ– ૮૫,૬૬(૧)બી મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી સ્પેશીયલ સીટીંગમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.એન.એસ.એસ.૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. રેકર્ડ જોતાં આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ–૮૫ મુજબનો કોઈ ગુન્હો બનતો ન હોવાથી તેને આ ગુન્હા સબબ બિનતહોમત છોડી મૂકવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને આરોપીની ધી પ્રોહી.એકટ કલમ ૬૬(૧)બી ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ધ્યાને લેતાં તેમજ *ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર* નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ધ્યાને લેતાં, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ

જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

- આ કામનાં આરોપી : મહેશભાઈ શનાભાઈ ચૌહાણ રહે.ચલાલી,તા.કાલોલ,જી.પંચમહાલ નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન અધિનિયમની કલમ-૮૫,૬૬(૧)બી મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પૂરા) દંડની સજા ફરમવવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૧૦ (દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
મુ.કાલોલ.

(શૈલેષભાઈ સદાભાઈ પટેલ)
કોડ નં.જીજે ૦૧૨૫૪
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
કાલોલ-પંચમહાલ